ગાંધીનગર સમાચાર
તા. ૬-૨-૨૦૧૫, શુક્રવાર

તંત્રી સ્થાનેથી....

દિલ્હીનો જંગ કશ્મેકશ

ચૂંટણી સર્વેક્ષણો ક્યારેક 'સ્પોન્સર્ડ' પણ હોઇ શકે, પરંતુ બધી એજન્સીઓ એકી અવાજે સરખો રિપોર્ટ આપે ત્યારે એ જરૂર કોઇ નક્કર પરિણામનો પૂર્વ સંકેત બની રહે છે. મુખ્યમંત્રી પદના ઉમેદવાર તરીકે બહુમતી મતદારો કેજરીવાલ પર કળશ ઢોળી રહ્યા છે. એમની સામે ભારતીય જનતા પાર્ટીએ રાતોરાત મેદાનમાં ઉતારેલા પૂર્વે પોલીસ અધિકારી અને ભારતનાં પ્રથમ આઇપીએસ કિરણ બેદી પ્રમાણમાં નબળા સાબિત થઇ રહ્યાં છે. જો કે કિરણ બેદીની સ્વચ્છ ઇમેજ વિશે પ્રજામાં ઊંચો અભિપ્રાય છે અને એમના ૪૦ વર્ષના વહીવટી અનુભવનું ભાથું એમની અસ્કામત છે, છતાં લોકો એમને 'પેરાશૂટ ચીફ મિનિસ્ટર' જેવી કટાક્ષપૂર્ણ ટીકાથી નવાજી રહ્યા છે, સૌથી મોટો પ્રશ્ન તો ખુદ ભાજપની અંદર જામેલી ગોલલડાઇનો છે. પાર્ટીના હાઇકમાંડ દ્વારા 'પેરાશૂટ' ઉમેદવારની જાહેરાત કરાઇ તે પહેલાં પ્રદેશ અધ્યક્ષ સતીશ ઉપાધ્યાય, વરિષ્ઠ નેતા જગદીશ મુખી અને કેન્દ્રીય મંત્રી ડૉ. હર્ષવર્ધન જેવા પાયાના આગેવાનો પૈકી કોઇના શિરે ભાજપના મુખ્યમંત્રીપદના ઉમેદવારની પાઘડી મુકાશે, એવી વાતો હવામાં હતી. એકાએક રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહની ગાડીમાં બેસીને કિરણ બેદી પાર્ટીનાં મંચ પર આરૂઢ થઇ ગયા, એથી પાર્ટીના ગ્રાસરૂટ કાર્યકરો સ્વાભાવિક રીતે જ નારાજ થયા હતા. કિરણ બેદીએ અણ્ણા હજારેના આંદોલનમાં ઊછળી ઊછલીને રાજકારણીઓને ભાંડ્યા હતા અને કેજરીવાલે રાજકીય પક્ષ બનાવવાની વાત કરી ત્યારે એનો વિરોધ કર્યો હતો. મહત્ત્વાકાંક્ષી કિરણ બેદી અંદરખાને ભાજપની ઊજળી સંભાવનાઓ પારખી ગયાં હતા અને પાર્ટીએ લોકસભાની ટિકિટ આપી હોત તો જરીય આનાકાની વિના હોંશે હોંશે દિલ્હીની કોઇ પણ બેઠક પરથી મોદી મોજાનો લાભ મેળવી જીતી પણ શક્યા હોત. પરંતુ મોદી ત્યારે હજી વડાપ્રધાન નહોતા અને વારાણસીની બેઠક પર એમને કેવો પ્રતિભાવ સાંપડશે તે પણ નક્કી નહોતું. તેથી કિરણ બેદીએ 'તેલ દેખો તેલ કી ધાર દેખો' - વાળી રાજનીતિ અપનાવી વખત પૂરતાં નિષ્ક્રિય રહેવાનું પસંદ કર્યું હતું. એ જ કિરણ બેદીને સામે ચાલીને દિલ્હીનું સુકાન સંભાળવાનું ખુદ વડાપ્રધાન તરફથી ઇજન મળ્યું, એથી બીજા બધા કરતાં સૌથી વધારે નિરાશા ખુદ ભાજપના જ કાર્યકરોએ અનુભવી હતી. વડાપ્રધાન મોદીના પ્રચંડ પ્રભાવને કારણે ઘીના ઠામમાં ઘી પડી રહે એવી સ્થિતિ ભલે દેખાતી હોય પરંતુ ભાજપને કિરણ બેદીને મુખ્યમંત્રી પદના ઉમેદવાર તરીકે પ્રોજેક્ટ કરવાથી ઝાઝો ફાયદો થાય એવું લાગતું નથી. મોદીના નામે લડાયેલી વિધાનસભાની ચૂંટણીઓની જેમ દિલ્હી વિધાનસભાની ચૂંટણીનું પણ મુખ્ય પ્રચાર સૂત્ર તો 'ચલો ચલેં મોદી કે સાથ' જ રહ્યું છે, પરંતુ કિરણ બેદીએ આત્મશ્લાઘા કરવામાં કોઇ કસર નથી છોડી, એની નકારાત્મક અસરો પણ વરતાઇ રહી છે. કેજરીવાલના ૪૯ દિવસોના શાસન દરમિયાન લેવાયેલા ત્વરીત નિર્ણયો ગરીબ અને નીચલા મધ્યમવર્ગને ગમ્યા છે. એમને 'ભાગેડુ'થી લઇ 'કાળાં નાણાંથી ચૂંટણી લડનારા' કહેવાથી એ વર્ગોમાં કેજરીવાલને સહાનુભૂતિ જ સાંપડી રહી છે. ગઇ વિધાનસભાની ચૂંટણીમાં ભાજપ સૌથી મોટી પાર્ટી તરીકે ઊપસી આવ્યો હતો અને આમ આદમી પાર્ટીને એની સરખામણીએ ઓછી બેઠકો તથા ઓછા મત મળ્યા હતા. આ વખતે કોંગ્રેસના મતો કેજરીવાલ તરફે ટ્રાન્ફર થઇ રહ્યા હોય એમ લાગે છે, એટલે મોતની ટકાવારીમાં પણ આમ આદમી પાર્ટી ભાજપ કરતાં આગળ નીકળી જાય એવી સંભાવના છે. આ પ્રકારની અવઢવ વચ્ચે સત્તાધારી ભાજપના હાઇકમાંડના પગ નીચેથી જમીન ખસી જઇ રહી હોય એવી આશંકાનું વાતાવરણ સરજાયું છે. દિલ્હીની ચૂંટણીમાં કિરણ ફેકટર ઉમેરાતાં મોદી ફેકટર ગૌણ બની ગયો છે. સર્વેક્ષણોના સહાલે લોકસભા અને આનુષંગિક વિધાનસભાની ચૂંટણીઓમાં ડંકો વગાડનાર ભાજપ હવે સર્વેક્ષણોની ટીકા કરવા લાગ્યું છે કારણ કે તે એની તરફેણ નથી કરતાં! વેંકેયા નાયડુથી લઇ ખુદ નરેન્દ્ર મોદી સુદ્ધાં સર્વેક્ષણોને ગેરમાર્ગે દોરનારા ગણાવવા લાગ્યા છે. વળી મોદીની ઇમેજને આંચ ન આવે એ હેતુસર આ ચૂંટણી 'પીએમ'ની નહીં પરંતુ 'સી.એમ.'ની છે, એવાં નિવેદનો આવવા લાગ્યા છે, તે સત્તાધારી પક્ષને દેખાઇ રહેલી સંભવિત હારનો જ સંકેત છે. બનવાજોગ કે શામ-દામ-દંડ-ભેદની રાજનીતિ અપનાવી સત્તાધારી પક્ષ વિજયનો છેલ્લો સ્ટ્રોક ફટકારી પણ દે, પરંતુ કોઇ કારણસર કેજરીવાલ આગળ નીકળી જાય તો પાર્ટીએ પાણી પહેલાં પાળ બાંધી જ દીધી છે. જો એવું થશે તો કેજરીવાલે કિરણ બેદીના પાર્ટી-પ્રવેશ ટાણે કરેલી આગાહી સાચી પડશે. એમણે કહ્યું હતું કે મોદીજીને બદલે કિરણ બેદજીને માથે હારનો દોષ મઢી શકાય એટલા માટે જ એમને મુખ્યમંત્રીપદનાં ઉમેદવાર તરીકે ઉપરથી ઠોકી બેસાડાયાં છે!

કેન્સરને કેન્સલ કરવા જાગૃતિ રેલી યોજાઈ

ગાંધીનગર, તા. ૫

કેન્સર અંગે લોકોમાં રહેલી ગેરસમજ અને ડર દૂર કરી આ દિશામાં લોકજાગૃતિ કેળવવા તેમજ કેન્સરનો ભોગ બનનારને જરૂરી સહાય, હૂંફ અને માર્ગદર્શન આપવામાં કાર્યરત સંસ્થા રેસ-રેઈન ઈન કેન્સરના ઉપક્રમે વર્લ્ડ કેન્સર ડે નિમિત્તે ગાંધીનગર ખાતે વોકેથોન ફોર કેન્સર અવેરનેસ-કેન્સર જાગૃતિ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.

શહેરના ઘ-૪ સર્કલ ખઆતેથી પ્રારંભાયેલી આ રેલીમાં પંડિત દીનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટી તથા પ્રેરણા વિદ્યાલય સે. પના વિદ્યાર્થીઓ, શિક્ષકો, રેસ સંસ્થા તથા જૈન સોશ્યલ ગ્રુપ મહિલા પાંખની બહેનો, પ્લે કાર્ડઝ, બેનર સાથે જોડાઈને કેન્સર જાગૃતિ વિષયક સૂત્રોચ્ચાર કરતાં વાયા પથિકાશ્રમ થઈ ઘ-૨ સર્કલ પહોંચ્યા હતા. રેલીના સમગ્ર રૂટ પર સ્વયંસેવકો દ્વારા લોકોમાં કેન્સર સંબંધિત પત્રિકાઓનું વિતરણ કરી સમજ આપવામાં આવી હતી. આયોજક સંસ્થાઓ રેસ અને પીડીપીયુ તરફથી રેલીમાં ભાગ લેનાર તમામને કેપ-ટી-શર્ટ અને કીટ આપવામાં આવી હતી. રેલી સંપન્ન થયા બાદ વર્લ્ડ કેન્સર ડે ના પ્રથમ ત્રણ અક્ષરોની પ્રતિકૃતિમાં કેન્ડલ લાઈટ પ્રકટાવી કેન્સરનો ભોગ બનનાર સદગતોને શ્રદ્ધાંજલિ અર્પવામાં આવી હતી. રેસ સંસ્થાના ચેરપર્સન સુશ્રી રીટા બોનીકની રાહબરી હેઠળ સફળતાપૂર્વક સંપન્ન થયેલ આ વોકેથોનના આયોજન માટે રાજ્યના મુખ્ય સચિવ શ્રી ડી.જી. પાંડિયન, નવસર્જન એન્જી. પ્રા. લિ.ના વિજય રાઠોડ, જૈન સોશ્યલ ગ્રુપ ગાંધીનગર મહિલા પાંખના નીતિકા શાહ, ડૉ. આરતીબેનનો સહયોગ પ્રાપ્ત થયો હતો. રેલીની સફળતા માટે રેસ સંસ્થાના સુશ્રી માધુરીબેન શુકલા, યાત્રી રામજી, ભામિની કનૈયા, પ્રા. સુશીલા રાઠોડ, રાજેશભાઈ, આશા સરવૈયાએ ભારે જહેમત ઉઠાવી હતી.

હરિની દૃષ્ટિ...

હજુ તુ વિચાર કરી જો... અંદર જવાની ટીકીટનાં પૈસાથી તારા માટે પ્લાસ્ટીકનાં ડબલા લઇશ તો આખુ કીચન ભરાઈ જશે.. !

રાજ્યના પશુપાલકોને 'શ્રેષ્ઠ પશુપાલક' એવૉર્ડ એનાયત કરાશે

ગાંધીનગર, તા.૫

રાજયના શ્રેષ્ઠ પશુપાલકોને એવોર્ડ એનાયત કરવાની યોજના સૌ પ્રથમ વખત ગુજરાતે અમલી બનાવી છે. જે હેઠળ છ ક્ષેત્રોમાં સફળ પશુપાલન કરનાર શ્રેષ્ઠ પશુપાલકોને એવોર્ડ એનાયત કરવામાં આવશે. રાજયકક્ષાનો આ સમારોહ ૯મી ફેબ્રુઆરીએ બપોરના ૨ કલાકે ટાઉન હોલ, ગાંધીનગર ખાતે પશુપાલન મંત્રી બાબુભાઇ બોખીરીયાના અધ્યક્ષસ્થાને યોજાશે તેમ પશુપાલન નિયામકશ્રીની યાદીમાં જણાવાયું છે.

યાદીમાં વધુમાં જણાવ્યાનુસાર શુદ્ધ સંવર્ધન દ્વારા ગાય/ભેંસનું નફાકારક પશુપાલન, દૂધ ઉત્પાદન અને મૂલ્ય વૃદ્ધિ (વેલ્યુ એડિશન)થી સફળ પશુપાલન ડેરી ઉદ્યોગમાં નવીન ટેકનોલોજીનો ઉપયોગ, ઓર્ગેનિક ફાર્મિંગ દ્વારા વિશિષ્ટ કામગીરી, વાછરડી/પાડી ઉછેર માટે આદર્શ પશુપાલન અને પશુ સંવર્ધન, પશુ પોષણ, પશુ રહેઠાણ, પશુ સ્વાસ્થ અને પશુ માવજત થકી આદર્શ પશુપાલન જેવા ક્ષેત્રોમાં પશુપાલન કરનાર પશુપાલકોને આ એવોર્ડ હેઠળ આવરી લેવાયા છે.

રાજયકક્ષાએ પ્રથમ વિજેતાને રૂ. ૨૫ હજાર, દ્વિતીયને રૂા. ૧૫ હજાર, તૃતીયને રૂ. ૧૦ હજાર અને પ્રત્યેકને પ્રમાણપત્ર એનાયત કરાશે. તેજ રીતે જિલ્લાકક્ષાએ પ્રથમ વિજેતાને રૂ. ૭ હજાર અને દ્વિતીય વિજેતાને રૂ. ૫ હજાર અને પ્રમાણપત્ર એનાયત કરાશે. તાલુકા કક્ષાએ પ્રથમ, દ્વિતીય વિજેતાઓને પુરસ્કાર જિલ્લાકક્ષાએથી નક્કી કર્યા મુજબ એનાયત કરાશે.

આંગણવાડીની બહેનોને રસોઈની તાલીમ

ગુજરાત રાજ્યના છેવાડાના ગામડાનું બાળક કુપોષણ મુક્ત ન રહે તે માટે મહિલા અને બાળ વિકાસ કચેરી હેઠળની આઈ.સી.ડી.એસ. યોજનામાં કાર્ય કરતી બહેનોને ઉત્તમ રસોઈ કેવી રીતે બનાવવી તેની ત્રણ દિવસીય શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. ગાંધીનગર સ્થિત વિદ્યાભારતી અધ્યયન પ્રશિક્ષણ સંશોધન કેન્દ્ર ખાતે આયોજન કરવામાં આવ્યું છે. ત્રણ દિવસ દરમિયાન રાજ્યની ૧૨,૫૦૦ થી વધુ હેલ્પર બહેનોને તાલીમ આપવાનું આયોજન કરવામાં આવ્યું છે.

ગુજરાત વિદ્યાપીઠનો વાર્ષિક રમતોત્સવ યોજાયો

સાદરા વિદ્યાપીઠ ખાતે યોજાયેલ રમતોત્સવમાં અમદાવાદ, રાંધેજા અને સાદરાના ૨૭૩ વિદ્યાર્થીઓએ ભાગ લીધો

ગાંધીનગર, તા. ૫

તાલુકાના સાદરા ખાતે આવેલ ગુજરાત વિદ્યાપીઠમાં વાર્ષિક રમતોત્સવ સુક્ષ્મજીવાણુ વિજ્ઞાન વિભાગના યજમાન પદે યોજાયો હતો. અમદાવાદ, રાંધેજા અને સાદરા વિદ્યાપીઠના ૨૭૩ વિદ્યાર્થી ભાઈઓ અને બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

વિદ્યાર્થીઓમાં રહેલી શક્તિઓ ખીલે તેમજ કોલેજકાળ દરમિયાન વિવિધ સ્પર્ધાઓમાં રસ ધરાવતા વિદ્યાર્થીઓ પોતાની કારકિર્દી બનાવી શકે તે માટે ગુજરાત વિદ્યાપીઠ દ્વારા દર વર્ષે ૨૬મી જાન્યુઆરીના રોજ વાર્ષિક રમતોત્સવ યોજવામાં આવે છે.

સાદરા વિદ્યાપીઠ ખાતે વાર્ષિક રમતોત્સવ યોજવામાં આવ્યો હતો. રમતોત્સવમાં દોડ, કૂદ, ફેંક, ટેબલ ટેનિસ, બેડમિન્ટન, કબડ્ડી, ખો-ખો, દોરડાકૂદ જેવી સ્પર્ધામાં અમદાવાદ, રાંધેજા અને સાદરા વિદ્યાપીઠના ૨૭૩ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

સ્પર્ધાનો શુભારંભ ગુજરાત વિદ્યાપીઠના કુલનાયક ડૉ. અનામિક શાહની અધ્યક્ષતામાં કરવામાં આવ્યો હતો. અને તેમણે વિદ્યાર્થીઓને નિયમિત વ્યાયામ કરવા જણાવ્યુ હતુ. અલગ અલગ સ્પર્ધાના પ્રથમ ત્રણ વિદ્યાર્થીઓને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. રમતોત્સવને સફળ બનાવવા સુક્ષ્મજીવાણુ વિજ્ઞાન વિભાગ તેમજ પંચાયતી રાજ તાલીમ કેન્દ્રના સેવકોએ જહેમત ઉઠાવી હતી.

ભાષા નિયામકની કચેરી દ્વારા આજે રાજભાષા પ્રદર્શન અને પરિસંવાદનું આયોજન

ગાંધીનગર, તા. ૫

ભાષા નિયામકની કચેરી, ગાંધીનગર દ્વારા આજે તા.૦૬-૦૨-૨૦૧૫ના રોજ સવારે ૧૧-૦૦ કલાકે પિલુ મોદી ડોન બોસ્કો હાઈસ્કૂલ, નારકોટ, તા. જાંબુઘોડા, જિ.પંચમહાલ ખાતે રાજભાષા પ્રદર્શન અને પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું છે.

રાજય સરકારની ગુજરાતી રાજભાષા નીતિનો સુચારૂ અમલ કરવા અને જાહેર જનતામાં ભાષા વિષયક જાગૃતિ કેળવવાના ભાગરૂપે પરિસંવાદ યોજવામાં આવે છે.

આ પ્રદર્શનમાં ગુજરાતી ભાષા સાહિત્ય અને વહીવટમાં ઉપયોગી થાય તેવા પુસ્તકો, કચેરી દ્વારા પ્રકાશિત પુસ્તકોની સાથોસાથ ખ્યાતનામ લેખકો/કવિઓની કૃતિ અને જીવન કવન વિશેની રસપ્રદ માહિતી ધરાવતા રંગબેરંગી વિવિધ ચાર્ટસનું પ્રદર્શન પણ રાખવામાં આવ્યું છે. કવિઓ, લેખકો, શિક્ષકો, પ્રાધ્યાપકો, વિદ્યાર્થીઓ ભાષા પ્રેમીઓ અને જાહેર જનતાને ઉપસ્થિત રહેવા ભાષા નિયામક દ્વારા હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવે છે.

બાપ અને દીકરીના સંબંધમાં ભરતી ઓટ આવ્યા કરે પણ એમના વચ્ચે લાગણીનો સ્રોત ક્યારેય સુકાતો નથી

સમાજ ચિંતન

પોપટલાલ પ્રજાપતિ

બાપ અને દીકરી વચ્ચે હંમેશા લાગણીભીના સંબંધો રહ્યા છે, એમાં ક્યારેય ઉતાર ચઢાવ આવ્યા કરે પણ એમની આત્મિયતા, પરસ્પરનો સ્નેહ, એકબીજા પ્રત્યેની લાગણી હંમેશા અકબંધ રહે છે, માટે જ દીકરીથી કોઇ ઉતાવળીયું કે નાસમજ પગલું ભરાઇ જાય તો પણ પપ્પાના થોડા દિવસોના ગુસ્સા બાદ ફરી આ સંબંધો ધબકતા થઇ જાય છે. દીકરી ઉંમર લાયક થાય ત્યાં સુધી બાપ એના હેતથી રખોપા કરે છે. પણ તેના લગ્ન કરાવ્યા પછી તે સદાય સુખી રહે તેની ઝંખના તે કરે છે. દીકરીએ ઇશ્વરે આપેલી અદ્‌ભૂત ભેટ કે ઇશ્વરીય વરદાન માની એનું જીવથીય અધકેરુ જનત બાપ કરે છે. પણ છતાંય કોઇનું અપમાન ક્યારેય સહન ન કરનારો કે હંમેશા ગૌરવથી મસ્તક ઊંચુ રાખનાર સ્વમાની બાપ પણ દીકરીની ભૂલો સામે કોણ જાણે કેમ લાચાર બની તેને માફ કરવાની ઉદારતા તે બતાવી જાણે છે. એક સત્યઘટના થોડા ફેરફાર સાથે પ્રસ્તુત છે જેમાં બાપ અને દીકરાના ગૌરવપૂર્ણ સંબંધોની ગરિમા ગવાઇ છે.

ગોવિંદરાયના પરિવારમાં સુશીલ પત્ની, દાદા-દાદી અને એક દીકરો અને એક દીકરી હતા. ગોવિંદરાયને દીકરી હેતલ પર ઝાઝો પ્રેમ, તેની પ્રત્યેક ખુશી માટે કંઇક પણ કરી છુટતા. દીકરી ભણવામાં હોંશિયાર તો હતી પણ પરાણે વ્હાલી લાગે તેની સુંદર અને પ્રેમાળ હતી તે હવે ગ્રેજ્યુએટ થઇ હતી અને સુશીલ અને ગુણવાન મુરતીયાની શોધ કરવાની ચિંતા સતાવતી હતી. એક બે મુરતીયા તેમની નજરમાં પણ હતા. દીકરીની સંમતિ મળે એટલે વાત કરતી ન હતી અને પપ્પાને દીકરીની નાખુશીમાં કોઇ ઉતાવળીયો નિર્ણય લેવો ન હતો.

એક દિવસ સવારે હેતલ કૉલેજ જવાના નિત્યક્રમ મુજબ ઘરેથી નીકળી. પપ્પાને બાય બાય કર્યું પપ્પાએ માથે ચુમી કરી દીકરીને વિદાય કરી. દસ વાગ્યાના ટકોરે ગોવિંદરાય સ્કુટર પર ઓફિસ જવા નીકળ્યા. બપોરે કોઇ અંગત કામ અર્થે તેઓ ઓફિસમાંથી સ્કુટર પર નીકળ્યા. રસ્તામાં એક સંસ્થાનું મકાન આપ્યું જે સંસ્થા ધાર્મિકવિધિથી લગ્ન કરાવી આપવાનું કામ કરતી. આ સમયે પણ કોઇના લગ્ન લેવાના હતા. ગોવિંદરાયે કુતૂહલવશ તેઓ આ સંસ્થા કેવી રીતે લગ્નવિધિ કરાવે છે તે જોવા સંસ્થાના મેસેજ હોલમાં ડોકીયું કર્યું. લગ્ન વિધિ ચાલી રહી હતી. વર-કન્યા ફેરા ફરી રહ્યા હતા. બ્રાહ્મણ મંત્રોચ્ચાર કરી રહ્યા હતા. અચાનક તેમની નજર કન્યા તરફ મંડાઇ. કન્યાનો ચહેરો જોતાં તેમની આંખે અંધારા આવી ગયા તેમને પોતાની આંખો દગો દેતી હોય તેમ લાગ્યું.

બે વાર આંખો ચોળી ફરી કન્યા તરફ ધ્યાનથી જોયું અને તેમનાં શરીરમાં પરસેવો વળી ગયો છતાં થોડા નજીક આવીને જોયું.... અરે, ... આ તો મોટી હેતલ... અને તેમનાંથી ચીસ પડાઇ ગઇ... હેતલ! તેં આ શું કર્યું? મારી લાગણીની સાથે આવી ક્રૂર મજાક? તેમણે જોયું તો મુરતીયો પરજ્ઞાતિનો હતો અને હેતલનો બોયફ્રેન્ડ હતો... પણ આ સંબંધો તો નિર્દોષ લાગતા હતા... ગોવિંદરાય ગુસ્સે થઇ ગયા મુરતીયા તરફ ધસ્યા, તને જીવતો નહિ જવા દઉં... લોકો વચ્ચે પડી તેમને ત્યાંથી દૂર લઇ ગયા... મુરતીયાએ કહ્યું તમારે જે કરવું હોય તે કરી શકો છો અમે કોર્ટ મેરેજ કરી લીધા છે... ગોવિંદરાયના હૃદયની ધડકનો તેજ થઇ, જાણે હમણાં હૃદય બંધ થઇ જશે તેમ લાગ્યું. મારી હેતલ મારી સાથે આવો વિશ્વાસઘાત કેવી રીતે કરી શકે?

તેમનો ગુસ્સો સાતમા આસમાને પહોંચી ગયો. તેમનું શરીર ધ્રુજી રહ્યું હતું. આંખે અંધારા આવવા લાગ્યા. તેઓ બબડી રહ્યા હતા, આ છોકરાને હું છોડીશ નહીં, કેટલાક સમજુ લોકો ગોવિંદરાયને તેમના ઘરે મૂકી આવ્યા અને સાંત્વના આપવા પ્રયત્નો કર્યા. ઘરમાં પણ પરિસ્થિતિની જાણ થતાં રોક્કળ થઇ ગઇ. સમાજમાં આપણે શું મોં બતાવીશું? આપણા એક દીકરાને કન્યા કોણ આપશે? ગોવિંદરાયને ઘડીભર ઝેર ખાઇ લેવાનો વિચાર આવી ગયો. મારી આબરૂનું લીલામ કરી નાખ્યું આ છોકરીએ... આખા પરિવાર પર જાણે મોટી આફત આવી હોય તેમ સૌ મુંઝાયેલા હતા ત્યાં જ મોબાઇલની રીંગ રણકી... ફોન પોલીસ સ્ટેશનમાંથી હતો. પીએસઆઇ એ જણાવ્યું ગોવિંદરાય કોણ છે?... હા સાહેબ હું બોલું છું સામેથી જવાબ મળ્યો તમે તાત્કાલિક પોલિસ સ્ટેસને આવી જાઓ. તમારી દીકરીએ તમારા પર ફરિયાદ કરી છે... એને તમારા તરફથી જાનથી મારી નાખવાનો ખતરો છે... ગોવિંદરાય પર જાણે વીજળી પડી... આ છોકરી શું કરવા બેઠી છે? મારો જીવ લઇને જંપશે કે શું? પરિવારના બે-ત્રણ સભ્યો સાથે ગોવિંદરાય પોલીસ સ્ટેશને ગયા. ગોવિંદરાયે સઘલી વાતથી પીએસઆઇને માહિતગાર કર્યા. જમાદારે સમજાવ્યું. વડીલ તમારી બધી વાત સાચી પણ તમારી દીકરીએ કાયદેસર કોર્ટ મેરેજ કર્યા છે. હવે તમે કાંઇ ન કરી શકો. તેની ફરિયાદ પર અમારે પણ કાનૂની કાર્યવાહી કરવી પડે....

અને ગોવિંદરાયે કોર્ટમાં જામીન આપવા પડ્યા ત્યારે છૂટકારો થયો. પણ તેઓ મનથી ભાંગી પડ્યા હતા. એક ડગલું ચાલવાની પણ જાણે હામ રહી નહોતી બસ. આજથી દીકરીનું નાહી નાખ્યું, જાણે મારા જીવનમાં કોઇ દીકરી હતી જ નહિ તેમના પરિવારે પણ ચીમકી આપી દીધી કે હેતલને આ ઘરમાં પ્રવેશવા દેશો તો અમે તમારી સાથે કોઇ સંબંધ રાખીશું નહી... અમારે પણ સમાજમાં રહેવાનું છે. ગોવિંદરાય બહાવરા બની આ બધું સાંભળી રહ્યા... તેઓ લાચાર હતા...

સમય વીતતો ગયો. ગોવિંદરાયને સતત દીકરીના જ વિચારો આવતા. મારી સાથે દગો કર્યો... મારી લાગણઈની મજાક કરી... અને ધીમે ધીમે તેઓ દીકરીને ભૂલવા પ્રયત્ન કરવા લાગ્યા.... બરાબર છ મહિને ફરી એકવાર અજાણ્યો ફોન આવ્યો... ગોવિંદરાય, તમારી હેતલને એક્સીડન્ટ થયો છે. હાલ સિવિલમાં દાખલ કરી છે. વોર્ડ નં. ૪, બેડ નં. ૨૫.... અને ફોન કટ થઇ ગયો... ગોવિંદરાયે ઘરમાં વાત કરી. ઘરમાં સન્નાટો છવાયો. પણ સૌએ વિચાર્યું, હેતલ હવે આપણી દીકરી રહી નથી એના કરમ એ ભોગવે, આપણે શું? પણ ગોવિંદરાયનું મગજ ચકડોળે ચઢ્યું... મારી હેતલને એક્સીડન્ટ થયો? એને કેટલું વાગ્યું હશે? એને ફેકચર તો નહિ થયું હોય... દીકરી પ્રત્યેની લાગણીનો સ્રોત ફરી વહેવા માંડ્યો.... અને ગોવિંદરાય ઝડપથી ઘરની બહાર નીકળી સ્કુટર સ્ટાર્ટ કરી સીધા સિવિલમાં પહોંચ્યા વોર્ડ નં. ૪માં બેડ નં. ૨૫ આગળ આવીને ઊભા રહ્યા. હેતલને સામાન્ય ઇજાઓ થઇ હતી. પગે પાટો બાંધ્યો હતો. દીકરીને પથારીમાં જોઇ પિતા સજળ નયને દીકરી પાસે આવી તેના માથે હાથ મૂકી કહ્યું બેટા, તને વધારે વાગ્યું તો નથી ને? અને વહાલનો દરીયો આજે ફરી પાછો છલકાવા માંડ્યો, હેતલની આંખમાં આંસુ હતા, પણ હોઠો પર સ્મિત રેલાતું હતું, તેણે કહ્યું પપ્પા મારી ઇજાની વાત છોડો, મને મારી વેદનાની કોઇ પરવા નથી, મને મારા પપ્પા પાછા મળ્યા એનાથી વધુ સુખ બીજું કયું હોઇ શકે...?

અને દીકરીએ પણ પપ્પાના બે હાથ પકડી લીધા અને રડતાં રડતા બોલી, પપ્પા.... મને માફ કરશો ને? ગોવિંદરાય બોલ્યા બેટા, છોરૂ કછોરું થાય, માવતર થોડું કમાવતર થાય?

(પાત્રોના નામ કાલ્પનિક)